# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-03-2025** **Morning: 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **ઉનાળામાં પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ - ઉનાળામાં પાણીની અછત ન સર્જાય તે માટે સરકારનું આગોતરુ આયોજન.**
2. **સરકાર LPG આયાતને સરળ અને અવિરત બનાવવા માટે પ્રયત્નશીલ હોવાની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની નાગરિકોને ખાતરી.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાબરકાંઠાને ૭૨ કરોડ કરતાં વધુ રૂપિયાના વિકાસકામોની ભેટ ધરી.**
4. **તાપીમાં નિઝર નજીક બે બાઇક સામસામે અથડાતાં ત્રણ યુવકોના કરુણ મોત.**
5. **રાજ્યના ચાર શહેરોમાં તાપમાનનો પારો 41 ડિગ્રીને પાર – બે દિવસ રાજ્યમાં હિટવેવની આગાહી.**
6. **અમદાવાદમાં આજથી આંતરરાષ્ટ્રીય ગોલ્ફ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.**

# CABNET MEETING

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ઉનાળામાં ગુજરાતના નાગરિકોને પીવાનું અને સિંચાઈ માટેનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યું છે.. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પાણીનો જથ્થો ૪.૧૫ ટકા વધારે એટલે કે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

## બાઇટ- જીતુ વાઘાણી , પ્રવક્તા મંત્રી

તેમણે કહ્યું હતુંકે રાજ્ય સરકારે વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે પણ ગેસની અછત ન સર્જાય તે માટેની વ્યવસ્થા કરી છે.. અન્ય વૈકલ્પિક માર્ગેથી પણ ગેસ માટે વધુ ખર્ચ કરવો પડે તો તે માટે પણ સરકાર તૈયાર છે. લોકોને અફવાઓ ફેલાવનારા તત્વોથી દૂર રહેવા તેમણે નાગરિકોને અપીલ કરી હતી.

## બાઇટ- જીતુ વાઘાણી પ્રવક્તા મંત્રી

આવતીકાલે પ્રધાનમંત્રી આસામના ગુવાહાટી ખાતેથી "પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના"નો ૨૨મો હપ્તો રિલીઝ કરશે. જેમાં રાજ્યના આશરે ૪૯.૫૯ લાખ ખેડૂત પરિવારોને એક હજાર ૨૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરાવશે.

# BPCL

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ - BPCL એ નાગરિકોને ખાતરી આપી છે કે સરકાર LPG આયાતને સરળ અને અવિરત બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , BPCL એ જણાવ્યું કે વર્તમાન ભૂરાજકીય પરિસ્થિતિ કારણે LPG આયાત પર અસર પડી છે. શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ પુરવઠો નિયંત્રિત રીતે વિતરિત કરવામાં આવી રહ્યો છે. વધુમાં જણાવાયું છે કે LPG સિલિન્ડરની ફાળવણીમાં ઘરેલુ ગ્રાહકોને ટોચની પ્રાથમિકતા આપવામાં આવી છે.

# SK GAS CYLINDER SEIZED

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં ગેસ સિલિન્ડરની ગેરરીતિ સામે પુરવઠા વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પુરવઠા અધિકારી ડૉ અને તેમની ટીમે ઘનશ્યામ ગેસ એજન્સીના ગોડાઉનમાં આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન સ્ટોક રજિસ્ટર સાથે મેળવણાં કરતાં 19 કિલોના 17 કોમર્શિયલ ગેસ સિલિન્ડર બિનહિસાબી મળી આવ્યા હતા. આશરે 33 હજાર 785 રૂપિયાની કિંમતનો આ જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. ગેરરીતિ બદલ એજન્સી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લાભરમાં ગેસ સંગ્રહખોરી અને કાળાબજારી રોકવા માટે આવી ઝુંબેશ વધુ સઘન બનાવાશે તેમ જીલ્લા પુરવઠા અધિકારી ભાર્ગવ ડાંગરે જણાવ્યું હતું.

## બાઇટ- ભાર્ગવ ડાંગર

# SK CM

સાબરકાંઠાના નવલપુર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાને ૭૨ કરોડ રૂ.ના ૧૯૯૯ વિકાસકામોની ભેટ ધરી. સાબરકાંઠાને આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી માટે પ્રતિષ્ઠિત 'સ્કૉચ એવોર્ડ'ની સિદ્ધિ બદલ જિલ્લાને મુખ્યમંત્રીએ ભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠાના સલાલ ખાતે ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કનું ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રીએ ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કની મુલાકાત લઇ પાર્કના ભૌગોલિક અને ખગોળશાસ્ત્રીય મહત્વ વિશે જાણકારી મેળવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) એ કર્કવૃત્તના વૈજ્ઞાનિક મહત્વ વિશે જાગૃતિ અને સમજણ લાવવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને સામાન્ય નાગરિકો માટે તેને એક મહત્વપૂર્ણ શૈક્ષણિક અને સંશોધન બિંદુ તરીકે વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે ટ્રોપિક ઓફ કેન્સર (TOC) સાયન્સ પાર્ક વિકસાવ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# PORBANDAR PUMPING STATION

પોરબંદર શહેરના લાંબા ગાળાના વિકાસને ધ્યાનમાં રાખી તેમજ ભવિષ્યમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણ અલગ અલગ સ્થળોએ આધુનિક પંપીંગ સ્ટેશન બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ રૂ. ૫૦ કરોડના ખર્ચે અમલમાં મુકવામાં આવ્યો છે.

શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં ખાસ કરીને મોન્સૂન દરમિયાન વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે. વધતી વસાહતો, રસ્તાઓનું ઊંચું લેવલ અને જૂની ડ્રેનેજ લાઈનોના કારણે ઘણીવાર પાણીનો નિકાલ સમયસર થતો નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકા દ્વારા આધુનિક સ્ટોર્મ વોટર મેનેજમેન્ટ સિસ્ટમનો પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે.

# TAPI ACCIDENT

તાપીમાં નિઝર નજીક બે બાઇક સામસામે અથડાતાં ત્રણ યુવકોના કરુણ મોત નિપજ્યાં હતા..બંને બાઇક વચ્ચે ટક્કર એવી ભયંકર હતી કે બાઇક પણ

સળગી ગઇ હતી..બન્ને બાઇક પર સવાર યુવકો કુકરમુંડા તાલુકાના ગંગથા અને બોરીકુવા ગામના હોવાની માહિતી મળી હતી...

# WEATHER

માર્ચ મહિનામાં જ રાજ્યભરમાં કાળઝાળ ગરમી શરૂ થઇ ગઇ છે. અસહ્ય ગરમીના કારણે જાહેર માર્ગો ઉપર લોકો નિકળવાનું ટાળી રહ્યાં છે

ગઇકાલે રાજ્યના 4 જિલ્લામાં મહતમ તાપમાન 41 ડિગ્રીથી વધુ નોંધાયું છે. રાજકોટ ખાતે મહતમ તાપમાન 41.9 , અમદાવાદ ખાતે 41.4 , વડોદરા ખાતે 41.6, અમરેલીમાં 40.9 , જ્યારે ભાવનગર ખાતે 39.4 ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગ દ્વારા આજે સુરેન્દ્ર નગર અને રાજકોટ માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે વડોદરા સુરત બનાસકાંઠા પાટણ જુનાગઢ અમરેલી મોરબી પોરબંદર અને કચ્છ માટે યેલો એલર્ટ એલર્ટ આપવામાં આવ્યું છે.

BYTE: A K DAS

# ARAVALLI PRAKRUTIK KHETI

અરવલ્લી જિલ્લામાં કૃષિ મેળો અને પ્રાકૃતિક કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.. મોડાસા એપીએમસી માર્કેટ ખાતે યોજવામાં આવેલા કૃષિ મેળાને પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ખેડૂતો આવી પહોંચ્યા હતા.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે વિવિધ સહાયો તેમજ પ્રાકૃતિક ખેતી કરવા અઁગેનું માર્ગદર્શન અને તેના ફાયદા અંગેની તમામ જાણકારી આપવામાં આવી હતી.. સાથે જ આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા થયા હતા.

બાઈટ : હિતેન્દ્ર પટેલ, પ્રમુખ, ગુજ. રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ

# PRAKRUTIK KRUSHI SANVAD

ખેડૂતોને કૃષિ અંગે વિશેષ માહિતી મળે , ખેડૂતોની આવક બમણી થાય તે ઉદેશ્યથી તાપી જિલ્લા પંચાયત પ્રમુખ ની અધ્યક્ષતામાં વ્યારા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ તથા પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો

જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંગ વસાવાએ આ અંગે માહિતી આપતા કહ્યું કે આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અંગે અને સરકારની વિવિધ ખેડૂત કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી અપાઈ હતી

બાઈટ -૨- જાલમસિંગ વસાવા (જિલ્લા પંચાયત પ્રમુખ, તાપી)

# AHM GOLF CHAMP.

અમદાવાદમાં આજથી આંતરરાષ્ટ્રીય ગોલ્ફ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. જે ૧૫ માર્ચ સુધી ચાલશે. કલ્હાર બ્લ્યુઝ એન્ડ ગ્રીન્સ ગોલ્ફ ક્લબ ખાતેયોજાનાર આ સ્પર્ધામાં ભારત અને વિદેશના કુલ ૧૪૩ જેટલા ગોલ્ફરો પોતાનું કૌશલ્ય બતાવશે.

ભારતના અગ્રણી ખેલાડીઓ યુવરાજ સંધુ, વીર અહલાવત અને ઓમ પ્રકાશ ચૌહાણની સાથે અમેરિકા, ઓસ્ટ્રિયા અને ફ્રાંસના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પણ આ ખિતાબ માટે મેદાનમાં ઉતરશે. અમદાવાદના સ્થાનિક ગોલ્ફરો અંશુલ પટેલ અને કૃશ પટેલ પણ આ સ્પર્ધામાં આકર્ષણનું કેન્દ્ર રહેશે.

-----------------------------------------------------